ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૦૩૮૨-૨૦૨૪

વિવાદી : શ્રી હરદાસભાઈ જેઠાભાઈ ડાકી
મુ.પો.માંગરોલ,જેલચોક, કામનાથ રોડ,
ગોદરા પાછળ, મું.તા. માંગરોળ
જી. જુનાગઢ - ૩૬૨૨૨૫
વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
નાયબ પોલીસ અધિક્ષક
નાયબ પોલીસ અધિક્ષકની કચેરી
મુખ્ય મથક જુનાગઢ
જુનાગઢ - ૩૬૨૦૦૧

(૨) અપીલ સત્તાધિકારી
પોલીસ અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
મુખ્ય મથકની કચેરી,સરદારબાગ,
શશીકુંજ, જુનાગઢ - ૩૬૨૦૦૧

તા. ૩૦/૬/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૨૬/૦૬/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : તારીખ |
|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : ૦૫/૧૦/૨૦૨૩ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : ૨૬/૧૦/૨૦૨૩<br>૧૫/૧૦/૨૦૨૪ |
| (iii) | પ્રથમ અપીલ | : ૧૭/૧૧/૨૦૨૩ |
| (iv) | પ્રથમ અપીલ તબદીલી | : ૨૧/૧૧/૨૦૨૩ |
| (v) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : ૧૬/૦૧/૨૦૨૪ |
| (vi) | રીમાન્ડ હુકમ | : ૨૦/૦૯/૨૦૨૪ |
| (vii) | અરજદારની રી ઓપન રજૂઆત | : ૧૮/૧૦/૨૦૨૪ |
| (viii) | બીજી અપીલ | : ૦૨/૦૧/૨૦૨૪ |
| (ix) | વિવાદીની રજૂઆત | : ૧૬/૦૪/૨૦૨૪ |

| | | | |
|---|---|---|---|
| | | | ૨૩/૦૬/૨૦૨૪ |
| (x) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૧૨/૦૪/૨૦૨૪<br>૨૬/૦૯/૨૦૨૪<br>૧૫/૧૦/૨૦૨૪<br>૦૯/૦૬/૨૦૨૫ |
| (xi) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૦૪/૦૩/૨૦૨૫ |

(૩) <u>સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-</u>

વિવાદી : શ્રી હરદાસભાઇ જેઠાભાઇ ડાકી ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, મુખ્ય મથક જુનાગઢ, જુનાગઢ વતી શ્રી લલિતભાઇ કે.પરમાર, જુનિયર ક્લાર્ક વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૨) શ્રી, પ્રથમ અપીલ સત્તાધિકારી અને પોલીસ અધિક્ષક, પોલીસ અધિક્ષકની કચેરી, મુખ્ય મથકની કચેરી,સરદારબાગ, શશીકુંજ, જુનાગઢ વતી શ્રી રવિરાજસિંહ પરમાર, ડી.વાય.એસ.પી. વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ વિવાદીની બીજી અપીલની ટૂંકી વિગતો:-</u>

જાહેર માહિતી અધિકારીએ માંગણી મુજબની માહિતી નિયત સમયમર્યાદામાં આપેલ નથી. પ્રથમ અપીલ સત્તાધિકારીએ યોગ્ય કાર્યવાહી/હુકમ કરેલ નથી. આથી, વિનામૂલ્યે માહિતી અપવાવા, જાહેર માહિતી અધિકારીને દંડ કરવા તથા કાર્યવાહી માટે ભલામણ કરવા રજૂઆત કરેલ છે.

(૫) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધિની રજૂઆત અનુસાર, વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી તેઓ દ્વારા અલગ અલગ કચેરીઓ પાસેથી મેળવવામાં આવેલ છે અને વિવાદીને સમયમર્યાદામાં એટલે કે, તા.૨૬/૧૦/૨૦૨૩ના પત્રથી નિયત નકલ ફી પેટે રૂ.૧૪૬ની ચૂકવણી કરીને, માહિતી મેળવી લેવા માટે જણાવેલ છે. પરંતુ, વિવાદી દ્વારા નિયત નકલ ફીની ચૂકવણી કરવામાં આવેલ ન હોવાથી, વિવાદીને માહિતી આપી શકાયેલ નથી.

આયોગ પાસે ઉપલબ્ધ પ્રથમ અપીલ સત્તાધિકારીના નિર્ણયની વિગતો જોતા, તેઓએ પણ નિયત નકલ ફીની ચૂકવણી કરી, માહિતી મેળવી લેવા માટે જણાવેલ છે.

વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતીના અનુસંધાને અધિનિયમની કલમ-૭(૩)(ક)ની જોગવાઈઓ અનુસાર તથા ગુજરાત માહિતી અધિકાર નિયમોના નિયમ-૫(ખ)ની જોગવાઈઓ અનુસાર, નિયત નકલ ફી ચૂકવવા માટે નિયમ-૩(૪)માં જણાવેલ વિકલ્પો સાથે વિવાદીને પત્ર પાઠવીને નિયત નકલ ફી ચૂકવવા માટે જણાવવાનું રહે છે. આ ઉપરાંત અધિનિયમના અમલ માટે રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૭/૨૦૦૮ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચના અનુસાર, અરજદાર નકલ ફી રૂબરૂમાં જ ભરે અને રૂબરૂમાં જ નકલ મેળવી લે તેવો આગ્રહ રાખવાનો રહેતો નથી.

જાહેર માહિતી અધિકારી દ્વારા ઉકત જોગવાઈઓ અને સુચનાઓનો ભંગ કરીને વિવાદીને રૂબરૂ આવી, નકલ ફી ભરીને, માહિતી મેળવી લેવા માટે જણાવવાનો નિર્ણય યોગ્ય ન હોવાથી, વિવાદીને વિનામૂલ્યે માહિતી આપવાની રહે છે.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધિએ વિવાદીને વિનામૂલ્યે માહિતી આપવા માટે સંમતિ દર્શાવેલ છે.

ઉકત વિગતે જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે કે, વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે ઉપલબ્ધ અને આપવાપાત્ર માહિતી અથવા યોગ્ય પ્રત્યુત્તર આયોગનો હુકમ મળ્યા તારીખથી દિન-૧૦માં વિવાદીને આર.પી.એડી. પત્રથી વિનામૂલ્યે મોકલી આપવામાં આવે.

આ ઉપરાંત જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે કે, હવે પછી ઉકત જોગવાઈઓ અનુસાર, નકલ ફીની ચૂકવણી માટે કે માહિતી મેળવવા માટે કોઈ પણ અરજદારને રૂબરૂ બોલવવામાં ન આવે અન્યથા તેઓ વિરૂદ્ધ અધિનિયમની કલમ-૨૦(૧) અને ૨૦(૨) હેઠળ કાર્યવાહી કરવાની આયોગને ફરજ પડશે.

<u>આ ઉપરાંત રાજ્યના પોલીસદળના વડા અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ધ્યાન પર નીચેની વિગતો મૂકવામાં આવે છે:-</u>

માહિતી અધિકાર અધિનિયમ અન્વયે અરજદાર પાસેથી નકલ ફી મેળવી, માહિતી આપવા બાબતે અધિનિયમ, તે હેઠળના રાજ્ય સરકારના નિયમો અને અધિનિયમના સુચારૂ અમલ માટે કેન્દ્ર/રાજ્ય સરકારના સ્થાયી હુકમોમાં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવેલ છે.:-

(૧) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૭(૩)(ક)ની જોગવાઈઓ અનુસાર, અરજદાર દ્વારા માંગવા આવેલ માહિતી માટે ગુજરાત માહિતી અધિકાર નિયમો-૨૦૧૦ અન્વયે ઠરાવેલી ફીની રકમ જમા કરાવવા માટે સંબંધિત જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવવાનું રહે છે.

(૨) આવી નિયત ફી ચૂકવવા માટે ગુજરાત માહિતી અધિકાર નિયમોના નિયમ-૩(૪)માં કરવામાં આવેલ જોગવાઈઓ અનુસાર, અરજદારને ફી ચૂકવવા માટે નીચે મુજબના

વિકલ્પો જણાવી, તે વિકલ્પો પૈકી કોઇ એક વિકલ્પથી ફીની ચૂકવણી કરવા માટે જણાવવાનું રહે છે.

I. રોકડમાં ભરવાની સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં રોકડમાં,
II. ડિમાન્ડ ડ્રાફ્ટ,
III. પે-ઓર્ડર,
IV. ભારતીય પોસ્ટલ ઓર્ડર,
V. નીચેના અંદાજપત્ર સદરમાં અધિકૃત બેન્કો મારફત સરકારી તિજોરીમાં જમા કરાવેલ ચલણ દ્વારા

"૦૦૭૦--અન્ય વહીવટી સેવાઓ, ૬૦—અન્ય સેવાઓ, ૮૦૦—અન્ય આવક, (૧૭)– ફી અને અન્ય ચાર્જ"

ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, પરિપત્ર ક્રમાંક: વહસ-૨૦૦૫-(૫)-આર.ટી.આઈ. સેલ, તા.૨૨-૦૭-૨૦૦૮ થી આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ પૈકી ''(૭) અરજદાર નકલ ફી રૂબરૂમાં જ ભરે અને રૂબરૂમાં જ નકલ મેળવી લે તેવો આગ્રહ રાખવો નહિ.'' મુજબ જણાવવામાં આવેલ છે.

માંગવામાં આવેલ માહિતી /દસ્તાવેજની માહિતી ફી/ચાર્જ જમા કરવાની અરજદારને જાણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત માહિતી અધિકાર નિયમો-૨૦૧૦ હેઠળ નિયત કરેલ નમૂના-"ખ"ના ક્રમ-૪માં જણાવ્યા અનુસાર, અરજદારને તેઓ રૂબરૂ અથવા ટપાલથી માહિતી મેળવવા માંગે છે તે અંગે પૂછાણ કરવાનું રહે છે. અરજદાર દ્વારા માહિતી મેળવવા માટે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં અરજદારને ૩૦ દિવસની સમયમર્યાદામાં માહિતી/દસ્તાવેજ ટપાલથી મોકલવાના રહે છે.

ઉક્ત જોગવાઈઓ હોવા છતાં, રાજયના પોલીસ ખાતાના કેટલાક જાહેર માહિતી અધિકારીઓ દ્વારા અરજદારોને માહિતી મેળવવા માટેની નકલ ફી ચૂકવવા પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ આવી, નિયત નકલ ફી ભરી, રૂબરૂ માહિતી મેળવી લેવા માટે જણાવવામાં આવે છે. જેના પરીણામે અરજદારોને સમયસર માહિતી મેળવવામાં અવરોધ/વિલંબ થવાના પ્રસંગો બને છે અને તેથી અરજદાર દ્વારા જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ દંડનીય/શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે ભલામણ કરવાની રજૂઆત થવા પામે છે. કેટલાક કિસ્સામાં આયોગ દ્વારા આ કારણોસર જાહેર માહિતી અધિકારી વિરૂદ્ધ દંડનીય/શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટેના હુકમો તેમજ તાકીદ પણ કરવામાં આવેલ છે. આવી બાબતો ટાળી શકાય તે હેતુસર, જાહેર માહિતી અધિકારીઓને સૂચનાઓ આપવી જરૂરી જણાય છે.

<u>ઉક્ત હેતુસર આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજયના પોલીસદળના વડા અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલવામાં આવે. તેઓને જણાવવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમ અને તે હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવેલ નિયમો અને અધિનિયમના સુચારૂ અમલ માટે</u>

<u>કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સ્થાયી હુકમો અનુસાર, તેઓ હસ્તકના કોઈપણ જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારોને અરજી આપવા માટે, નિયત નકલ ફી ચૂકવવા માટે કે નિયત નકલ ફીની ચૂકવણી થયા બાદ માહિતી મેળવવા માટે અરજદારની માંગણી ન હોય તો, તેઓને રૂબરૂ બોલાવવામાં ન આવે તે માટેની સુચનાઓ આયોગના હુકમ મળ્યા તારીખથી દિન-૧૫માં બહાર પાડી, તેની નકલ આયોગને મોકલવામાં આવે.</u>

**ઉકત હુકમ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**સહી/-**
**(ડૉ. સુભાષ સોની)**
**રાજ્ય મુખ્ય માહિતી કમિશનર**
**ગુજરાત માહિતી આયોગ,**
**ગાંધીનગર**

**મુકાબલ કરનાર**

**કાયદા અધિકારી**
**ગુજરાત માહિતી આયોગ**
**ગાંધીનગર**

**પ્રમાણિત કરનાર**

**નાયબ સચિવ**
**ગુજરાત માહિતી આયોગ**
**ગાંધીનગર**

CITIZENS HAVE RIGHT TO INFORMATION
GANDHINAGAR